# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BUDGET MAIN STORY - 1

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26 માટેનાં કેન્દ્રીય અંદાજપત્રમાં માટે દેશનાં મધ્યમવર્ગને શ્રેણીબધ્ધ રાહતો આપી છે.

નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં સ્લેબ પ્રમાણે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ વેરો નહીં લાગે. આ ઉપરાંત 75000 રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ લાગુ પડશે. આ રીતે, પગારદાર વ્યક્તિની કુલ 12 લાખ 75000 સુધીની આવક કરમુક્ત થઈ જશે.

આ જાહેરાત કરતાં નાણા મંત્રીએ જણાવ્યું કે, નવા કર માળખાથી મધ્યમવર્ગ પરનો કરબોજ ઘટશે અને તેમનાં હાથમાં વધુ પૈસા બચશે. આનાં કારણે ઘરગથ્થુ બચત, રોકાણ અને વપરાશને વેગ મળશે. તેમણે રાજ્યોને માળખાકીય સુવિધાઓ વિક્સાવવા દોઢ લાખ કરોડ રૂપિયાની વ્યાજમુક્ત લોન આપવાની જાહેરાત પણ કરી હતી.

સતત આઠમું અંદાજપત્ર રજૂ કરતા નાણામંત્રીએ જણાવ્યું કે, હવે તમામ કરદાતાઓ છેલ્લાં ચાર વર્ષનું આવક વેરા રિટર્ન એક સાથે ફાઇલ કરી શકશે. અગાઉ આ મર્યાદા બે વર્ષની હતી. વરિષ્ઠ નાગરિકો માટે TDS મર્યાદા 50 હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરવામાં આવી છે....1

# BUDGET MAIN STORY - 2

કઠોળ પાકોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે 6 વર્ષ માટે મિશન અને કપાસ ઉત્પાદકતા મિશનની જાહેરાત પણ કરવામાં આવી છે. શ્રીમતી સિતરામને કહ્યું કે આ બજેટનો હેતુ કરવેરા, વીજળી ક્ષેત્ર, શહેરી વિકાસ, ખાણકામ, નાણાકીય ક્ષેત્ર અને નિયમનકારી સુધારાઓ સહિત છ ક્ષેત્રોમાં પરિવર્તનશીલ સુધારાઓ શરૂ કરવાનો છે.

નાણા મંત્રીએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, આગામી ત્રણ વર્ષમાં દેશનાં તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્રો અને કેન્સરની સારવાર માટે ડે-કેર કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, જળ જીવન મિશનને 2028 સુધી લંબાવવાની, એક લાખ કરોડ રૂપિયાના ખર્ચ સાથે શહેરી પડકાર ભંડોળ સ્થાપવાની, કૌશલ્ય વિકાસ માટે રાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપવાની અને મેડિકલ કોલેજોમાં 10,000 વધારાની બેઠકોની જાહેરાત કરવામાં આવી છે.

સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષનાં એકમો-MSME માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.

નાણા મંત્રીએ ભારતીય ભાષા પુસ્તક સ્કીમ, AIમાં ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપવાની જાહેરાત પણ કરી હતી.

મહિલા સશક્તિકરણ માટે મહત્વની પહેલ કરતાં તેમણે જણાવ્યું કે, આગામી પાંચ વર્ષ માટે પ્રથમ વખતના ઉદ્યોગસાહસિક SC અને ST મહિલાઓને 2 કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન આપવામાં આવશે.

તેમણે જણાવ્યું કે  તમામ સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે. તેમણે શાળાઓમાં 50 હજાર અટલ ટિકરિંગ લેબ સ્થાપિત કરવાની જાહેરાત પણ કરી હતી.

. . . . . . . . . . . . .

# POST BUDGET REVIEW

કેન્દ્રીય અંદાજપત્ર અંગે પ્રતિક્રિયા આપતા અમદાવાદના ગુજરાત વેપારી મહામંડળ- GCCIના પ્રમુખ સંદીપ એન્જિનિયરે અંદાજપત્રને હકારાત્મક ગણાવતા જણાવ્યું કે, "આ અંદાજપત્રમાં કર માળખામાં  ઘટાડો કરાયો છે. તેમજ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ  MSME ક્ષેત્રને જેટલું મજબૂત કરાશે. તેનો લાભ આગામી 5 વર્ષમાં દેખાશે."

(બાઈટઃ સંદીપ એન્જિનિયર, પ્રમુખ, GCCI)

આ તરફ સુરતમાં દક્ષિણ ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ- SGCCIના પૂર્વ પ્રમુખ રમેશ વઘાસિયાએ અંદાજપત્ર અંગે આ મુજબ પ્રતિક્રિયા આપી.

(બાઇટ: રમેશ વઘાસિયા – પૂર્વ પ્રમુખ, SGCCI)

જ્યારે SGCCIના સચિવ નિલેશ માંડલેવાલાએ અંદાજપત્રને મધ્યમ વર્ગને રાહત આપનારું ગણાવ્યું હતું.

(બાઈટઃ નિલેશ માંડલેવાલા, સચિવ, SGCCI)

. . . . . . . . . . . . .